અપીલ અરજી નં.૩૯૭ તા.૧૦–૨–૧૦

અરજદાર: શ્રી મહાબલી રામકિશોર રાજભર
સામાવાળા: શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી,(ન.પ્રા.શિ. સમિતિ )

## ફરીયાદની હકીકત:–

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહાબલી રામકિશોર રાજભરની તા.૨૯–૧૨–૦૯ ની અરજીથી મુદ્દા નં.( ૨.૧) ન.પ્રા.શિક્ષણ સમિતિ સુરતની શાળાઓના મકાનમાં આવેલી પાણીની ટાંકીઓની સાફસફાઈ કરાવવાની જવાબદારી સંભાળતા અધિકારીઓના નામની,શાળા નંબર, વિસ્તાર સાથે શાળા દીઠ માહિતી મુદ્દા નં.૨.૧ થી ૨.૯ની આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૦–૨–૧૦ ની અપીલ અરજી નં.૩૯૭/૨૦૦૯–૧૦

શ્રી મહાબલી રામકિશોર રાજભરની તા.૨૯–૧૨–૦૯ ની અરજીથી મુદ્દા નં.(૨.૧) ન.પ્રા.શિક્ષણ સમિતિ સુરતની શાળાઓના મકાનમાં આવેલી પાણીની ટાંકીઓની સાફસફાઈ કરાવવાની જવાબદારી સંભાળતા અધિકારીઓના નામની,શાળ ા નંબર, વિસ્તાર સાથે શાળા દીઠ માહિતી મુદ્દા નં.૨.૧ થી ૨.૯ની આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૦–૨–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૧૧ તા.૧૮–૨–૧૦થી શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી, (ન.પ્રા.શિ. સમિતિ ) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ વિગત પુરી પાડવામાં આવેલ નથી. માહિતિના ઈન્કાર માટે જાહેર માહિતી અધિકારી ધ્વારા કલમ ૮,૯ કે ૧૧ હેઠળના કોઈ અપવાદ જણાવેલ નથી.

અરજદારે તા.૨૯–૧૨–૦૯ ની અરજીથી મુદ્દા નં.( ૨.૧) ન.પ્રા.શિક્ષણ સમિતિ સુરતની શાળાઓના મકાનમાં આવેલી પાણીની ટાંકીઓની સાફસફાઈ કરાવવાની જવાબદારી સંભાળતા અધિકારીઓના નામની,શાળા નંબર, વિસ્તાર સાથે શાળા દીઠ માહિતી (૨.૨) તા.૧૫/૬/૦૯ બાદ શાળાઓની પાણીની ટાંકી કયારે કઈ તારીખે , કોની હાજરીમાં, કોના ધ્વારા, કેટલા માસો ધ્વારા સાફ કરવામાં આવી તેની માહિતી (૨.૩)ન.પ્રા.શિક્ષણ સમિતિની શાળાઓમાં શાળાદીઠ કેટલુ પાણી સમાવી શકાય? કેટલા ઘન લીટર પાણીનો સંગ્રહ કરી શકાય છે? પાણીના ટાંકા શાળાના કયા માળે, કયાં આવ્યા છે તેની માહિતી. (૨.૪) શાળાઓના પાણીના ટાંકાની સફાઈ થઈ છે કે નહી તેની ખરાઈ, ચોકસાઈ કરવાની જવાબદારી સંભાળતા શાળાના અધિકૃત કર્મચારીનું નામ, હોદ્દો સાથેની માહિતી. (૨.૫) ન.પ્રા.શિ.સમિતિ સુરતની શાળાઓના પાણીની ટાંકી સાફ કરવા મયુ.સ્કુલ બોર્ડ ધ્વારા ઠરાવ પાસ કરી કોઈ પાર્ટીને કોન્ટ્રાકટ આપ્યો હોય તો તે ઠરાવ, કોન્ટ્રાકરને કામ આપવા સંબંધી તમામ ટેન્ડર, ટેન્ડર મંજુરી,વર્કઓર્ડર, સ્વીકૃતિ પત્ર વગેરે દસ્તાવેજો તેમજ પાર્ટીનું નામ, સરનામુ વગેરેની માહિતી. (૨.૬) પાણીના ટાંકા સાફ કરવા માટ જે ભાવપત્રક હિસાબે કામ સોંપવામાં આવ્યુ હોય તેની માહિતી. (૨.૭) આપની કચેરીના કયા અધિકારી આ કામની ઉપર દેખરેખ રાખે છે, તેનું નામ, હોદ્દો સાથેની માહિતી. (૨.૮) શાળા આચાર્ય,મુખ્ય શિક્ષક, સીઆરસી કોઓર્ડિનેટર ધ્વારા તેની ખરાઈ અંગેની આપની કચેરીમાં રજુ કરેલા પ્રમાણપત્રો વગેરેની માહિતી. (૨.૯) નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સુરતનાં પાણી સમિતિનાં હોદેદારોના નામ,સરનામાની માહિતી. જેના અનુસં ધાને જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી આપેલ હોવાનું જણાયેલ નથી. અરજદારે અપીલ તબકકે નિયત સમયમાં માહિતી નહીં આપ્યાનું જણાવી અપીલ અરજી કરેલ.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૯–૧૨–૦૯ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પુરી પડાયેલ ન હોઈ આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭માં અરજદારને દફતરી ઉપલબ્ધ પૂરી પાડવા શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ. સમિતિ )ને જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૩ –૧૦.

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ. સમિતિ )...જાણ તથા અમલ માટે.
(૨) શ્રી મહાબલી રામકિશોર રાજભર,